# કોંગ્રેસ બમ્પનું કામ કરે છે તેને ઉખેડશો તો વિકાસનું કામ થશે : વાઘાણી

## તમે પ્રતિનીધિ આપો જેથી તમારા વિસ્તારમાં વધુ વિકાસ થાય : સાબરકાંઠા જીલ્લાના વનવાસી વિસ્તારમાં આદીવાસી વિકાસ યાત્રા થઈ અંબાજીમાં સમાપન



હિંમતનગર, તા. ૧૮ ૭મી ફેબ્રુઆરીથી આજરોજ ૧૮મી ફેબ્રુઆરી સુધી ભારતીય જનતા પક્ષ દ્વારા પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં આરંભાયેલી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું આજરોજ સાબરકાંઠા જીલ્લાના વિવિધ વનવાસી વિસ્તારમાં થઈ અંબાજીમાં સમાપન થયું જેમાં ચિઠોડા, પાલ, વિજયનગર, અંદ્રોખા, નાકા, ખેડબ્રહ્મા અને ખેરોજમાં ઉપસ્થિત વનવાસી બંધુઓને સંબોધતા જીતુભાઈ વાઘાણીએ જણાવેલ કે, અહીં વોટબંધીની રાજનીતી નથી કરવા આવ્યો પરંતુ ૧૯૯૫ પછી જે આદીવાસી વિસ્તારોમાં તેમજ વર્તમાન વિજયભાઈ રુપાણીએ કામો કરેલ છે તથા પેશા એકટ ની વાત કરવા આવ્યો છું. જેનાથી તમારો આર્થીક ઉન્નતીમાં વધારો થાય તમારા અધુરા કામો પૂર્ણ થાય આજસુધી કોંગ્રેસે તમને વોટબેન્ક તરીકે જોઈ હતી. આ એકટથી તમારા ગામલોકોને સંપૂર્ણ અધિકાર આપ્યોછે શ્રી વાઘાણીએ વધુમાં જણાવેલ કે, તમારા વિસ્તારમાં ભાજપની સરકારેજ રસ્તાઓ, શાળાઓ વિવિધ સગવળો, દીકરીઓ માટે ભણવાની સગવળ, તમને રોજગારી આપી સર્વાંગી વિકાસ કર્યો છે. ખેડબ્રહ્મામાં જણાવેલ કે, માની ધરતી પર માના આર્શીવાદ લેવા અહીં આદીવાસી યાત્રા આવી છે. કોંગ્રેસ નામનો બમ્પ વિકાસમાં બમ્પ આવે છે તેને તોડી નાખવાનો છે. વનવાસી પરીવારની પેઢીમાં સમૃદ્ધી આવે તેવા કામો કર્યા છે. તમે પ્રતિનીધી આપો જેથી તમારા વિસ્તારમાં વધુ વિકાસના કામો થાય મને આર્શીવાદ આપો હનુમાન શક્તિ રુપે કુદીને આવી શકીયે શામદામ નીતી હવે નહીં ચાલે જે કોંગ્રેસ કરતી હતી.

રાજયના કેબીનેટ મંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવેલ કે, આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ પ્રથમવાર લોકસભામાં ગયા ત્યારે પણ તેમણે અનેક કામો કર્યા છે. વિજયભાઈ રુપાણીએ પણ પેશા એકટ તેમજ જયાં સ્ટેચ્યુ ઓફ યુનીટી બને છે ત્યાં નર્મદા નદી કીનારે આદીવાસી યુર્નીવરર્સીટી બનાવવાનો ઐતિહાસીક નિર્ણય લીધો છે. સરકારે અનેક કામો આદીવાસીના વિકાસ માટે કર્યા છે જંગલની જમીન પણ આપી છે જે લોકોને હજુ ન મળી હોય તે બધાને માર્ચ મહીનામાં મળી જશે તેમ અમે વિભાગના અધિકારી તેમજ જીલ્લા કલેકટરને સુચના આપી છે. કોંગ્રેસે ફકત રાજ કર્યુ ત્યારે ભાજપની વિજયભાઈ રુપાણીની સરકારે વિકાસ કર્યા છે. આ સમગ્ર યાત્રા દરમ્યાન કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોર, રાજયના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખરીયા, પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા, યાત્રાના કન્વીર અને પ્રદેશ ભાજપ મહામંત્રી ભરતસિંહ પરમાર, પ્રદેશ યુવા પ્રમુખ ઋત્વીક પટેલ, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ રમીલાબેન બારા, જયસિંહ ચૌહાણ, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, પૂર્વ મંત્રી મંગુભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રવકતા ભરતભાઈ પંડયા, જીલ્લા સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, રાજસ્થાનના ધારાસભ્ય, અન્ય પ્રદેશના આદીવાસી સમાજના આગેવાનો, રાજયના પૂર્વ મંત્રીઓ, ધારાસભ્ય સહીત સમ્રગ જીલ્લાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. યાત્રા દરમ્યાન યુવાનોએ ૧૦૦ કી.મી.ની ભવ્ય બાઈક રેલી કેસરીયો બંડી, હેલ્મેટ પણ કેસરીયો દ્વારા જોડાઈ કેસરીયા દ્વારા અદભૂત આદીવાસી સમાજના દર્શન કરાયા હતા.




## ભિલોડામાં ભાજપની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત

ભિલોડા,તા.૧૮ ભિલોડા એન.આર. એ.વિદ્યાલય પટ્ટાંગણમાં ભાજપની આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો ઉમળકાભેર સ્વાગત જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ભાજપ હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા કરાયું હતું.ભિલોડા-મેઘરજ વિસ્તારમાં પરીવર્તન લાવી ૨૦૧૭ માં વિકાસરૂપી માર્ગમાં કોંગ્રેસરૂપી બમ્પને ઉખાડી ફેકવા આદિવાસી સમાજને હાકલ કરાઈ હતી.આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું જીલ્લા સાંસદ વરદ્ હસ્તે ભારત માતાની આરતી કરી કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આ પ્રસંગે આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા ઈન્ચાર્જ મહામંત્રી ગુજરાત પ્રદેશ ભાજપ ભરતસિંહ પરમારએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે ઉનાઈથી અંબાજી સુધીનો પુર્વ પટ્ટો કોંગ્રેસ મુક્ત,ભાજપ યુક્ત કરવા અનુરોધ કરાયો હતો.જસવંતસિંહ ભાભોર કેન્દ્રીય આદિજાતી મંત્રીએ પેસા એકટ કાયદાનો અમલ કરીને ભાજપ સરકાર ધ્વારા વનવાસી પરીવારોને સુખી,સમુધ્ધ બનાવવાના ભગીરથ પ્રયાસો કર્યો છે.આદિવાસી સમાજનો કોંગ્રેસે મતબેંક તરીકે ઉપયોગ કર્યો છે.ભારત દેશના વડાપ્રધાન લોકલાડીલા નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના દેશભરમાં લાગુ કરેલ છે જ્યારે કોંગ્રેસના નેતાઓ આદિવાસીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે.જીતુભાઈ વાઘાણી ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખએ જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતોને સીધા નાણા ખાતામાં જમા થાય છે.સર્જીકલ સ્ટ્રાઈક આપણા ગુજરાતના નરેન્દ્રભાઈ મોદી જ કરી શકે ત્યારે પાકિસ્તાન,કોંગ્રેસએ તેના પુરાવા માગ્યા હતા.

ભિલોડા તાલુકાના ધોલવાણી ગામના શહિદ વીર જવાનના પરીવારજનોને રૂા.બે લાખની સહાયનો ચેક અર્પણ કર્યો હતો.

આદિવાસી સમાજ, બક્ષીપંચ, પછાત વર્ગને કોંગ્રેસએ મતદારો તરીકે જોયા છે.ભાજપએ માણસ તરીકે જોયા છે.ભાજપ સરકારએ ૧૯૯૫ પછી છેવાડા વિસ્તાર સુધી વિકાસલક્ષી કામો કરેલ છે.




## કોર્ટ દ્વારા જયશ્રીગિરિને ૨ દિવસના રિમાન્ડ

સાધ્વી જયશ્રી ગિરી ને આજે પાલનપુર પૂર્વ પોલીસ દ્વારા છેતરપિંડી સહીત જાન થી મારી નાખવાની ફરિયાદ ને પગલે પાલનપુર કોર્ટ મા રજુ કરી હતી જ્યાં કોર્ટ દ્વારા જયશ્રી ગિરી ને ૨ દિવસ ના રિમાન્ડ અપાયા હતા.સાધ્વી જયશ્રી સામે પાલનપુર ના કાંતિલાલ પટેલે ૧૫ લાખ ની છેતરપિંડી સહીત જાનથી મારી નાખવાની ધમકી અપાયા ની ફરિયાદ દાખલ કરી હતી જે મામલે પાલનપુર પોલીસે કોર્ટ દ્વારા ૧૦ દિવસ ના રિમાન્ડ ની માંગણી કરી હતી જો કે કોર્ટ દ્વારા સાધ્વી ને ૨ દિવસ ના રિમાન્ડ અપાયા હતા અત્યાર સુધી માં સાધ્વી સામે ૨૦ જેટલા કેસ નોંધાયા છે ત્યારે આજે ૨ દિવસ ના રિમાન્ડ માં પોલીસ દ્વારા કોઈ નવા તથ્યો બહાર લવાય તેવી ફરિયાદી ની માંગ છે.



અરવલ્લી જિલ્લામાં બીએસએનએલની સેવાઓ વારંવાર ખોરવાઈ જતા બીએસએનએલના ગ્રાહકો ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં લેન્ડલાઈન ટેલિફોન સુવિધા ૬-૬ મહિના સુધી બંધ હાલતમાં પડી છે. શનિવારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વહેલી સવારથી જ બીસએસએનએલની મોબાઈલ સેવા સવારથી ઠપ્પ થી જતા મોબાઈલ શોભાના ગાંઠીયા સમાન બની ગયા હતા. મોબાઈલ સેવાની સાથે ઈન્ટરનેટ સેવા ઠપ્પ થઈ જતા લોકોના કામકાજ અટવાઈ પડ્યા હતા. બીએસએનએલનું મોડાસા શહેર કેબલ કપી જતા ઠપ્પ થતી મોબાઈલ અને ટેલિફોનિક સેવાઓ પુર્વરત કરવા બીએસએનએલ તંત્ર દ્વારા તાબડતોબ ડેબલ રીપેર કરવાની કામગીરી હાથ ધરી બપોર પછી સેવાઓ ફરી કાર્યરત થતા મોબાઈલ ધારકોએ હાશકારો અનુભવ્યો હતો.

## પ્રાંતિજ ખાતે શ્રી મહાકાળી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ પોરાણિક વાવ પાસે રાંદલ મહાકાળી મંદિર ખાતે ત્રિ દિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. પાપ્તિપુરી તરીકે ઓળખાતું પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન પાસે આવેલ પ્રાચિન રાંદલ મહાકાળી મંદિર ખાતે તા ૨૭, ૨૮ અને ૧ એમ ત્રિ દિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે જેમાં ગણપતિ દાદા, ભૈરવદાદા, સંતોષીમાતા, ગાયત્રી માતાજીની મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવશે જયારે ત્રિદિવસ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હવન, શોભાયાત્રા, આરતી સહિત મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે.




અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીંટોઈમાં એસટી બસને ઉતારીઓએ ભાગ મળી ખાડામાંથી બહાર કાઢી હતી. ટીંટોઈના ભરબજારમાં બસ ખાડામાં ખાબકતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. પેસેન્જરોએ નીચે ઉતરીને ધક્કા મારી બસ બહાર કાઢી હતી. આ છે આપણું એસ.ટી. તંત્ર...!!!

## વેજપુર ગામમાં જનજાગૃતિ સંદર્ભે બેઠક યોજાઈ

ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં જનજાગૃતિ સંદર્ભે ભારતીય આદિવાસી અધિકાર પંચ ધ્વારા જનજાગૃતિ ફેલાવવા બેઠક યોજાઈ હતી.ભારતીય આદિવાસી અધિકારી પંચ પ્રમુખ દિલીપભાઈ નિનામાએ જણાવ્યું હતું કે વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયતને દત્તક લેવા માંગે છે.વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારમાં આવતા વેજપુર,ઘાંટી અને મલેકપુર ગામના દરેક પરીવારજનોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર,અમલીકરણ કરવા અનુરોધ કરાયો હતો.સરકારની વિવિધ યોજનાઓથી ગ્રામજનોને માહિતગાર કર્યા હતા.આ વિસ્તારમાં દારૂબંધી સંદર્ભે પોલીસ ધ્વારા યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તે માટે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી,સભ્યો,રાજકીય આગેવાનો,ગ્રામજનો હાજર રહ્યા હતા.વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત મતવિસ્તારના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## તલોદ આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે સાહિત્યિક પરિસંવાદ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની આર્ટસ-કોમર્સ કોલેજ અને ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર પ્રેરિત ગુજરાતી ભાષાનો એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. સર્જક બ.ક. ઠાકોરના જીવન અને સર્જનની પ્રસ્તુતતા ઉપર યોજાઈ ગયેલા આ પરિસંવાદમાં અનેક કોલેજમાંથી અધ્યાપકો અને સ્થાનિક સંસ્થાના વિદ્યાર્થીઓ નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદ ખાતે યોજાઈ ગેયલા આ પરિસંવાદનું દિપ પ્રગટાવી ઉદ્ઘાટન કવિ કિશોરસિંહ સોલંકીએ કર્યું હતું. સમારોહના પ્રમુખપદે પ્રો. સતિષ ડણાક (વડોદરા) ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદમાં મનનીય વક્તવ્ય કિશોરસિંહે આપ્યુ હતુ તે જ રીતે ડૉ. યશોધર રાવલ (પિલવાઈ), હરિશ વટાવવાલા (વડોદરા), ડૉ. બિપીન આશર (રાજકોટ), ડૉ. દિપક પટેલ (રાજકોટ), પ્રિ. વિરંચી ત્રિવેદી (વડોદરા), પ્રા. દક્ષા ભાવસાર (ચાણસ્મા) અને ડૉ. મહેન્દ્રભાઈ નાયી (ડાકોર) સહિતના વક્તાઓએ સર્જક બ.ક. ઠાકોરના સમસ્ત સાહિત્ય સર્જન ઉપર તલસ્પર્શી છણાવટ સહિતના વક્તવ્ય રજૂ કર્યા હતા.

## મોડાસાના વોલ્વા પાસેથી પોલીસે ૬૬ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૧૮ અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના વોલ્વા ગામની સીમમાંથી પસાર થઈ રહેલી કારમાં ભરેલ વિદેશી દારૂનો રૂ. ૬૬ હજારનો જથ્થો પોલીસે ઝડપી લઈ ફરાર આરોપી કારચાલકને ઝડપવા વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા રૂરલ પોલીસ મથકના અ.હે.કો. ફતેસિંહ દુલેસિંહે નોંધાવેલ ફરિયાદ મુજબ મોડાસા તાલુકાના વોલ્વા ગામની સીમમાંથી પસાર થતી કારમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાઈ ગયો હતો.

જેમાં ભારતીય બનાવટની દારૂની સીલબંધ કાચની બોટલો ૧૬૭ કિંમત રૂ. ૬૬,૮૦૦ની મળી આવી હતી. પોલીસને જોઈ આરોપી કારચાલક પોતાના કબજાની કાર મુકી નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે વિદેશી દારૂ અને કાર મળી રૂ. ૫.૬૬ લાખનો મુદ્દામાલ કબજે લઈ ફરાર આરોપીને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.







મોડાસા-શામળાજી રાજ્ય ધોરી માર્ગ પર આવેલી જીઆઈડીસી નજીક શુક્રવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં જીપના આગળના ભાગના ફૂરચેફૂરચા નીકળી ગયા હતા. અકસ્માત સર્જી ટેન્કર રોડ નજીક રહેલા ખાડામાં ઉતરી ગઈ હતી. અકસ્માતને પગલે દોડી આવેલા લોકોએ જીપમાં મુસાફરી કરતા ગંભીર ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને ખાનગી વાહન દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા મોડાસા ટાઉન પોલિસે અકસ્માતના પગલે ટ્રાફિકજામને દૂર કરી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ટેન્કરથી જોરદાર ટક્કરથી કાર જીપનો કડુચલો બોલાઈ ગયો હતો. સદનસીબે જાનહાનિ ટળતા મોડાસા ટાઉન પોલીસ અને અકસ્માતના ઘટનાસ્થળે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## રહીયોલ રેલવે ફાટકના સમારકામથી સીંગલપટ્ટીના પગલે ટ્રાફિક જામના દશ્યો

મોડાસા નડિયાદ રેલવે લાઈન પર આવેલા ફાટકોનું રેલવે ઓથોરિટી દ્વારા ફાટકોનું સમારકામ બે દિવસ હાથ ધરવામાં આવ્યું હતું. સમારકામના પગલે શુક્રવારે સવારે ૭ વાગ્યાથી રવિવારે ૮ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન મોડાસા-ધનસુરા રોડ પરથી પસાર થતા વાહનોનું ડાયવર્ઝન કોલીખડ પાટીયાથી શીણોલ અને શીકાથી



ધનસુરા તરફ ટ્રાફિક વાળવામાં આવ્યો હતો. પરંતુ કોલીવડથી અપાયેલા ડાયવર્ઝન રોડ સીંગલ પટ્ટી હોવાથી અહીંથી પસાર થતા વાહન ચાલકો ભારે વાહન ધસારાથી અટવાઈ જતા ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. રેલવે લાઈન સમારકામ કરવાનું હોવાનું તંત્રએ સમારકામના થોડા કલાો અગાઉ જ જાહેર કરતા મોડાસા-ધનસુરા માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો અને સમારકામથી અજાણ ચાલકો અટવાઈ પડ્યા હતા. મોડાસા શહેર માટે જીવાદોરી સમાન મોડાસા-અમદાવાદ ધોરીમાર્ગ ત્રણ દિવસ બંધ રહેવાનો હોવાથી અરવલ્લી જિલ્લાના વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં ફસાયા છે.

## એકેડમીના ઉદ્ઘાટન માટે ભારતી તનેજા આલ્પ્સનું અમદાવાદ તરફ પ્રયાણ

સુંદરતાને નવી ક્ષિતિજો આપવા જાણીતા કોસ્મેટોલોજિસ્ટસ અને એસ્થેટેશિયન્સ ભારતી તનેજાના આલ્પ્સ ગ્રુપની સ્થાપના ગુજરાતમાં અમદાવાદ ખાતે કરાઈ છે. દિલ્હી-એનસીઆરપી જાણીતી ચેઈન ભારતી તનેજા આલ્પ્સ એકેડમી ઓફ બ્યુટી, હેર અને મેકઅપનું ૧૬ ફેબ્રુઆરીના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન જાન્વી મેગાણી દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ સુંદર સમારંભમાં કંપનીના સ્થાપક ડિરેકટર અને બ્યુટી એક્સપર્ટ ભારતી તનેજા અને તેની પુત્રીઓ ગુંજન ગૌડ અને ઈશીકા તનેજા સામેલ રહ્યા હતા. ત્રણેય નિષ્ણાતોએ અહીં ફ્રી ડેમો ઉપસ્થિત લોકો માટે કર્યા હતા અને પ્રેસ કોન્ફરન્સમાં મીડિયાકર્મીઓના સવાલોના જવાબ આપ્યા હતા.

જ્યારે એકેડમી અંગે પૂછવામાં આવ્યું ત્યારે ભારતીએ કહ્યું હતું કે ‘મારૂ એક જ સપનુ છે કે દુનિયાને સુંદર બનાવવી, કેમકે કોઈએ કહ્યું છે કે સુંદરતા જ દુનિયાને બચાવશે. પરંતુ હું એક જ સમગ્ર દુનિયાને સુંદર ન બનાવી શકુ. તેથી હું મારૂ સપનું મારા વિદ્યાર્થીઓ દ્વારા તેમનો અમદાવાદમાં બ્યુટી એક્સપર્ટસ તરીકે તાલીમ આપીને પુરૂ કરીશ. મારા વિદ્યાર્થીઓ જ મને પ્રશંસા અપાવશે.’